सत्यमेव जयते

અમદાવાદના મહેરબાન એડીશ્નલ સિટી સિવીલ & સેશન્સ જજશ્રીની કોર્ટમાં,
અદાલત નંબરઃ 15, (**Bail Court**) અમદાવાદ.

**ફોજદારી પરચુરણ અરજ નંબરઃ 5527 \ 2021**

<u>અરજદાર/આરોપી:–</u>
હીમાંશું S/o. રમેશદત્તા શર્મા, ઉ.વ.આ.47, ધંધોઃ નોકરી

<u>રહેવાસીઃ</u>
502/A, કીર્થિ સીગ્નેચર એપાર્ટમેન્ટ, પ્રેસીજ શાંતિ નિકેતન, ફોરમ મોલ, આઈ.ટી.પી.એલ. રોડ, વ્હાઈટ ફીલ્ડ, બેંગુલુરુ કર્ણાટક.
<u>કાયમી રહેવાસીઃ</u>
VPO ઉપર ગાર્ગેટ, તેહસીંલ આંબ, વોર્ડ નંબરઃ ૩, ગાર્ટેટ ગારગેટ ખાસ, ઉના, હિમાચલ પ્રદેશ.

**વિરૂધ્ધ**

<u>સામાવાળા:–</u>
ગુજરાત સરકારશ્રી

==================================================
**અરજદાર તર્ફે વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઃ વાય.એચ.મોતીરામાણી**
**સામાવાળા સરકારશ્રી તર્ફે વિધ્વાન એપીપી શ્રી સુધીર બ્રહ્મભટ્ટ**
==================================================

બાબતઃ <u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–438 અન્વયે આગોતરા જામીન મેળવવા બાબત.</u>

**<u>આંક–1 લગત હુકમ</u>**

**01.** આ ગુના કામના અરજદાર/આરોપીએ Mahila (West) Police Station (I) ગુના રજીસ્ટર નંબરઃ 11191030210045\2021, ધી ભારતીય દંડ સંહિતા, 1860, કલમ–498 (A), 294 (b), 506(2), 323, 114 મુજબના ગુન્હા સબબ ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ – 438 અન્વયે આગોતરા જામીન મેળવવા માટેની હાલની આ જામીન અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

**02.** પ્રસ્તુત કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરીયાદપક્ષને નોટીશ કાઢતાં, ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન પીપીશ્રી સુધીર બ્રહ્મભટ્ટ હાજર થયેલા છે. આ કામે અરજદાર તર્ફે એફ. આઈ.આર. ની નકલ તથા વિગેરે દસ્તાવેજો રજુ કરેલ છે તે તમામ વંચાણે લીધેલ છે. ઉપરોક્ત તમામ રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધેલ છે.

**03.** આ કામે આગોતરા જામીન અરજીના સંદર્ભમાં વિધ્વાન પીપીશ્રીને સુધીર બ્રહ્મભટ્ટને સાંભળ્યા તથા આરોપી પક્ષ તર્ફે વિધ્વાન વકીલશ્રી વાય.એચ.મોતીરામાણીને સાંભળ્યા.

**04.** આ કામના અરજદારના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રી વાય.એચ.મોતીરામાણી દ્વારા જામીન અરજીના સંદર્ભમાં જામીન મુક્ત થવાના કારણોમાં રજુઆતો કરેલી છે કે, હાલના કામે અરજદાર વિરૂધ્ધ ધી ભારતીય દંડ સંહિતા, 1860, કલમ–498(A), 294(b), 506(2), 323 114 મુજબના ગુન્હાના કામે આગોતરા જામીન મેળવવા સારું હાલની આગોતરા જામીન અરજી દાખલ કરાયેલી છે. અરજદારને ખોટી રીતે સંડોવી દીધેલા છે. અરજદારનો રોલ આવેલો નથી. ફરીયાદી પોતે ઉચ્ચ અભ્યાસ પામેલા છે અને ડોક્ટર ડીગ્રી ધરાવે છે. હાલના અરજદારો સાથે ફરીયાદી જોઈન્ટ ફેમીલીમાં રહેતાં આવેલા ન હતાં. ફરીયાદીએ તદ્દન વાહીયાત અને બોગસ તથા ઉપજાવી કાઢેલા આક્ષેપો અરજદારો ઉપર કરેલા છે. અરજદાર બેંગ્લોર મુકામે રહે છે. અરજદાર ભારત દેશના નાગરીક છે, ક્યાંય નાસી ભાગી જાય તેવા ઈસમો નથી. તપાસ કરનાર અમલદારને તપાસમાં સાથ સહકાર આપે તેમ છે અને નામદાર કોર્ટની શરતોનું પાલન કરશે તે તમામ હકીકતોને નજર સમક્ષ રાખી હાલની આગોતરા જામીન મંજુર કરવા ભારપૂર્વકની રજુઆતો કરેલી છે.

**05.** સામાવાળા સરકારશ્રી તર્ફે વિધ્વાન પીપીશ્રી સુધીર બ્રહ્મભટ્ટે હાલની જામીન અરજી સંદર્ભે પોતાની રજુઆતો કરેલી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રીના લગ્ન તારીખઃ 26\01\2004 ના આઠ મહિના બાદથી ભેગામળી એકબીજાની મદદગારીથી ફરીયાદીશ્રીને મેણાં ટોણાં મારી બિભત્સ ગંદી ગાળો બોલી, આરોપી નં.1 ને આરોપી નં.5 સાથે આડા સંબંધ ધરાવી, ફરીયાદી બેન સાથે ઝઘડો તકરાર કરી, મારઝુડ કરી, ફરીયાદી બેનને જાનથી મારી નાંખવાની ધમકી આપી, ફરીયાદી બેનને માનસીક શારિરીક ત્રાસ આપી, ઓશીયાળું જીવન ગાળવા મજબુર કરી, માનસીક શારિરીક ત્રાસ આપી, ગુન્હો કરેલાના આક્ષેપો આવેલા છે, જેથી હાલની આગોતરા જામીન અરજી નામંજુર માટે ભારપૂર્વકની રજુઆતો કરેલી છે.

**06.** પ્રસ્તુત કામે બન્ને પક્ષકારોની રજુઆતો સાંભળી, જામીન અરજી વંચાણે લીધી, આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા તથા પીપીશ્રીએ જામીન અરજી વિરૂધ્ધની કરેલ રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સની સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, હાલના ગુન્હા કામના આરોપીઓ વિરૂધ્ધ Mahila (West) Police Station (I) ગુના રજીસ્ટર નંબરઃ 11191030210045\2021, ધી ભારતીય દંડ સંહિતા, 1860, કલમ–498 (A), 294 (b), 506(2), 323, 114 મુજબના ગુન્હા નોંધાયેલા હોવા બાબતનો આક્ષેપ છે.

**07.** પ્રસ્તુત કામે રેકર્ડ ધ્યાને લેતાં તથા ઉભયપક્ષકારોની રજુઆતો ધ્યાને લેતાં, અત્રે સૌ પ્રથમ એ હકીકત ઉલ્લેખનિય છે કે, અરજદાર તે મૂળ ફરીયાદીના સંબંધમાં પતિ આવેલા છે અને મુખ્ય આરોપી આવેલા છે. હાલની જામીન અરજી તે આગોતરા જામીન અરજી છે . અલબત એ નોંધવાપાત્ર ખરું કે અત્રેની અદાલતે આ અગાઉ ફોજદારી પરચુરણ અરજી નંબરઃ 5382\2021 તથા ફોજદારી પરચુરણ અરજી નંબરઃ 5294\2021 થી સહ આરોપીઓના આગોતરા જામીન

મંજુર કરેલા છે, પરંતુ તેઓ તમામ આરોપીઓ ફરીયાદણના સંબંધમાં સાસુ, સસરા, દિયર વિગેરે આવેલાં હતાં, જ્યારે હાલના અરજદાર તે ફરીયાદણ બાઈના સંબંધમા પતિ આવેલા છે અને તેઓની વિરૂધ્ધ સહ આરોપી સાથે અનૈતિક સંબંધ આવેલાનો ફરીયાદપક્ષનો જ્યારે આક્ષેપ આવેલો છે ત્યારે પેરીટીનો સિધ્ધાંત હાલના કેસમાં લાગુ કરી શકાય તેમ નથી. વળી, પ્રસ્તુત કામે ફરીયાદી તર્ફે લેખીત વાંધાઓ રજુ થયેલા છે તેની હકીકતો જેમની તેમ વંચાણે લેવામાં આવે તો ગુન્હા કામે હાલના અરજદારનો એટલે કે પતિનો રોલ સક્રીય રોલ આવેલો છે અને પ્રસ્તુત કામે હજુ ચાર્જશીટ થયેલું નથી તથા હાલની જામીન અરજી તે આગોતરા જામીન અરજી આવેલી છે ત્યારે હાલના તબક્કે મૂળ ફરીયાદીના પતિની તપાસના કામે આવશ્યકતાં હોવાનુ હું ઉચિત માનું છું અને જામીન મુક્ત કરવાથી તપાસમાં ખલેલ પહોંચે તેમ હોય ફરીયાદી અને આરોપી વચ્ચે કૌટુંમ્બીક વિખવાદ/વિવાદો આવેલા છે ત્યારે શારિરીક માનસીક ત્રાસની ફરીયાદ આવેલી છે ત્યારે હાલની આગોતરા જામીન અરજી આવેલી હોય તથા મુખ્ય આક્ષેપો હાલના અરજદાર એટલે કે ફરીયાદણ બાઈના પતિ ઉપર આવેલા હોય જામીન અરજી મંજુર થવા પાત્ર હોવાનુ ગણી શકાય તેમ નથી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે, જે સંજોગોમાં  મારી ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને લઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**– હુકમ –**

**01.** અરજદાર/આરોપી હીમાંશું S/o. રમેશદત્તા શર્માની હાલની Mahila (West) Police Station (I) ગુના રજીસ્ટર નંબરઃ 11191030210045\2021, ધી ભારતીય દંડ સંહિતા, 1860, કલમ–498 (A), 294 (b), 506(2), 323, 114 મુજબના ગુનાના કામની આગોતરા જામીન અરજી આથી ના–મંજૂર કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ 03, માહેઃ August, 2021 ના રોજ
ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળઃ અમદાવાદ.
તારીખઃ 03\08\2021

(હરીશચંદ્ર ગુલાબસિંહ વાઘેલા)
સિટી સિવીલ & સેશન્સ જજ,
સિટી સિવીલ & સેશન્સ કોર્ટ,
અદાલત નંબરઃ 15, અમદાવાદ
Unique ID No. GJ00590

– ચંદ્રકાન્ત ન. વાળા, રહસ્ય સચિવ